# ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી., ગાંધીનગર

બ્લોક નં. ૮, ૮મો માળ, ઉધોગ ભવન, ગાંધીનગર

ફોન નં. (૦૭૯)૨૩૨૩૦૭૧૩

## <u>વાહન ભાડે લેવા માટેનું ટેન્ડર ફોર્મ</u>

**(વર્ષ ૨૦૧૦-૨૦૧૧)**

- ટેન્ડરની ફી : રૂ. ૫૦૦/-
- અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ. ૧૦૦૦૦/-

ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર ........................................................ તારીખ: ................................ રાષ્ટ્રીયકૃત બેંકનું

નામ અને શાખા ....................................................................

પેઢી/સંસ્થાનું નામ..............................................................................................

સરનામું (ટેલીફોન નં. સાથે)

..........................................................................................................................................................

..........................................................................................................................................................

..........................................................................................................................................................

....................................................

ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ : ૦૫-૦૪-૨૦૧૦ સમય : ૧૮:૦૦ કલાક સુધી/ભરેલ ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨૦-૦૪-૨૦૧૦ સમય : ૧૭:૦૦ કલાક સુધી

મેનેજીંગ ડીરેકટર
ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.
ગાંધીનગર

# ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.

## વાહન ભાડે રાખવા બાબતનું ટેન્ડર

| ક્રમ | વિગત | ઇનોવા | | ટોયેટા કવાલીસ | | ટાટા ઇન્ડીકા | | ટાટા સુમો | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એ.સી. | નોન એ.સી. | એ.સી. | નોન એ.સી. | એ.સી. | નોન એ.સી. | એ.સી. | નોન એ.સી. |
| ૧ | ૧ મહિનાના ઓછામાં ઓછા ૨૫૦૦ કિ.મી. | | | | | | | | |
| ૨ | વધારાના કિ.મી. ભાવ | | | | | | | | |
| ૩ | અમદાવાદ, ગાંધીનગર માટે ૪-૦૦ કલાક સુધી ૧૦૦ કિ.મી. | | | | | | | | |
| | ૮-૦૦ કલાક સુધી ૧૫૦ કિ.મી. | | | | | | | | |
| | ૧૨-૦૦ કલાક સુધી ૨૦૦ કિ.મી. | | | | | | | | |
| ૪ | ૧ દિવસ (૨૪ કલાક) ના ઓછામાં ઓછા ૨૫૦ કિ.મી.નો ભાવ | | | | | | | | |

## ટેન્ડરની શરતો : -

**(૧)** ટેન્ડર ભરનાર પાર્ટીએ પોતાના ભાવો આ ટેન્ડર ફોર્મમાંજ ટેક્ષ સહિતના ભરવાના રહેશે.

**(૨)** ભરેલું ટેન્ડર બંધકવરમાં **"વાહનભાડાનું ટેન્ડર"** એવું કવર ઉપર મોટા અક્ષરે લખીને રુબરુમાં ટેન્ડર બોક્ષમાં નાખવાનું રહેશે.

**(૩)** આ ટેન્ડર ફોર્મ કોઇ બીજાના નામે તબદીલ થઇ શકશે નહીં.

**(૪)** ટેન્ડર ક્રમ-(૧) અને (૨)માં મળેલ સૌથી નીચા ભાવોના આધારે કોઇ એક વાહન માટે ટેન્ડર મંજૂર કરવામાં આવશે જયારે અન્ય વાહન બાબત ક્રમ-૩ અને ક્રમ-૪ પરના ભાવો આખા વર્ષ દરમ્યાન છૂટક ધોરણે વાહન મંગાવવાનું થાય ત્યારે જે તે મંજૂર થયેલ ભાવો મુજબ ના ભાવે વાહન પુરુ પાડવાનું રહેશે.

**(૫)** ટેન્ડર ભરનાર પાર્ટીએ આ કામની ડિપોઝીટની રકમ રૂ. ૧૦૦૦૦/- (અંકે રુપિયા દસ હજાર પુરા) ટેન્ડર સાથે ડિમાન્ડ ડ્રાફટ અગર પેઓર્ડરથી જમા કરાવવાની રહેશે. ડિપોઝીટ વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહીં.

**(૬)** ટેન્ડર ભરનાર પાર્ટીએ પોતાનું ઉપરોકત વાહન ૧૨ માસ માટે પુરુ પાડવાનું રહેશે તેમજ જરુર જણાયે ટેન્ડરમાં જણાવેલ શરતો અને રેટ મુજબ આ કરાર ત્રણ માસ કે વધુ સમય સુધી લંબાવી શકાશે સદર વાહન રોજીંદી મુસાફરી માટે પુરું પાડવાનું રહેશે.

(૭) વાહન ભાડાના મંજુર થયેલા ભાવોમાં વાહનની મરામત, ઘસારો, બળતણ, રીપેર, ડ્રાઇવરના ભોજન અને રહેઠાણના ખર્ચનો પણ સમાવેશ ગણવાનો રહેશે. આ અંગે કોઇ અલગ ખર્ચ મંજૂર કરવામાં નહીં આવે.

(૮) વાહન ડ્રાઇવરની સેવા સાથે પુરું પાડવાનું રહેશે

(૯) ડ્રાયવરનું સબંધિત પોલીસ સ્ટેશનની કોઇ ગુનાહીત પ્રવૃત્તિમાં સંડોવાયેલ ન હોવાનું પ્રમાણપત્ર પુરુ પાડવાનું રહેશે

(૧૦) ડ્રાયવરનું પાકું લાઇસન્સ, વાહનનો કોમ્પ્રીહેન્સીવ વીમો ઉતરાવ્યાની નકલ રજૂ કરવાની રહેશે.

(૧૧) વાહનના ડ્રાઇવરે સંસ્થાના નિતિ-નિયમ મુજબ અને સંસ્થાના સંબધિત અધિકારીશ્રીની સૂચનાનુસાર કામ કરવાનું રહેશે

(૧૨) ટેન્ડર ભરનાર પાર્ટીએ ટેન્ડર સાથે ઇન્કમટેક્ષ વગેરે તમામ સરકારી ટેક્ષ ભર્યાના પુરવાઓ રજુ કરવાના રહેશે.

(૧૩) બીલના ચૂકવણામાંથી કાપવાપા ટેક્ષ નિયમોનુસાર કપાત કરીને બીલનું ચૂકવણું કરવામાં આવશે

(૧૪) વાહનનો ઉપયોગ મંજુર થયેલ ભાવોમાં માસિક ન્યુનતમ ૨૫૦૦ કિ.મી. સુધી કરી શકશે અને માસિક ૨૫૦૦ કિ.મી. સુધી કોઇ વધારાનું ભાડું માંગી શકાશે નહીં પરંતુ જો માસિક ૨૫૦૦ કિ.મી.થી વધારે મુસાફરી કોઇ સંજોગોમાં થાય તો તેના વધારાનાપ્રતિ કી.મી.ના જે ભાવો મંજુર થાય તે મુજબ માસિક વધારાના કુલ કિ.મી.નું ચુકવણું કરવામાં આવશે

(૧૫) ટેન્ડર ભરનાર પાર્ટી પોતાનું વાહન ૨૪ કલાક આપવા બંધાયેલા રહેશે જેમાં જાહેર રજાઓનો પણ સમાવેશ થાય છે.

(૧૬) ટેન્ડર ભરનાર પાર્ટીએ ગાડી સારી કંડીશનમાં રાખી સેવાઓ પૂરી પાડવાની રહેશે અને વાહનની સીટો પડદા વગેરે સારા સ્વચ્છ હાલતમાં રાખવાનાં રહેશે તેમજ પોતાના વાહનમાં પીવાનાં પાણીની સેવા માટે પાણીનો જગ, ગ્લાસ વગેરે સેવા પુરી પાડવાની રેહેશે

(૧૭) કોઇપણ સંજોગોમાં ટેન્ડર ભરનાર પાર્ટીનું વાહન મુસાફરી દરમ્યાન રીપેરીંગમાં જાય અથવા સર્વિસમાં જાય અથવા કોઇ દિવસ આકસ્મિક કારણસર પુરું પાડી શકાય તેમ ન હોય તો તે દિવસે અન્ય વાહનની વૈકલ્પિક વ્યવસ્થા ટેન્ડર ભરનાર પાર્ટીએ પુરી પાડવાની રહેશે અને આ અંગેનો ખર્ચ તેમણે ભોગવવાનો રહેશે. તે માટે કોઇ જુદો કલેઇમ થઇ શકશે નહીં. અન્યથા આ અંગેનો ખર્ચ ઉપરોકત નકકી થયેલ રકમમાંથી કાપી લેવામાં આવશે

(૧૮) શરતી ટેન્ડર રદ થવાને પાત્ર ઠરશે.

(૧૯) પ્રવાસ, ગુજરાત અથવા ગુજરાત બહારનો હોય ત્યારે પ્રવાસ દરમ્યાન તમામ ટેક્ષ ચૂકવવાની જવાબદારી ટેન્ડર ભરનાર પાર્ટીની રહેશે. પરંતુ આ અંગેનો ખર્ચ બીલ સાથે ટેક્ષની રસીદો બીડી જે તે માસના બીલમાં તે ક્લેઇમ કરી શકાશે.

**(૨૦)** દૈનિક મુસાફરીના કિ.મી.ની વિગત લોગબુકમાં મુસાફરી સમાપ્ત થયે કચેરીમાં હાજર થતી વખતે રોજબરોજ નિયમિત ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના અધિકારીશ્રી સમક્ષ રજૂ કરવાની રહેશે. લોગબુક સરકારી નિયમો અનુસાર ભરવાની રહેશે તથા લોગબુક સાચવવાની જવાબદારી ડ્રાયવરની રહેશે.

**(૨૧)** દૈનિક કિ.મી.ની ગણતરી વાહન જે સ્થળે બોલાવવામાં આવે તે સ્થળથી પરત આવે તે સ્થળ સુધીની રહેશે. તેમજ જયારે છૂટક મંગાવેલ વાહનના કિસ્સામાં મુસાફરી માટે બોલાવવામાં આવેલ સ્થળથીપરત આવેલ સ્થળના કુલ કિ.મી. ગણવાના રહેશે.

**(૨૨)** વાહનની સેવા સંતોષકારક જણાશે નહીં તો ટેન્ડર ભરનાર પાર્ટીને અગાઉથી જાણ કર્યા વગર ગમે ત્યારે ગમે તે સમયે થયેલ કોન્ટ્રાકટનો અંત લાવી શકાશે. આવા સંજોગોમાં માસ દરમ્યાન વપરાયેલ કુલ કિ.મી. ૨૫૦૦ કિ.મી.થી ઓછા હશે તેવા સંજોગોમાં બીલ ચૂકવણીની અંતિમ સત્તા મેનેજીંગ ડીરેકટરશ્રીની રહેશે. તેમાં કોઇ તકરાર ચાલશે નહીં

**(૨૩)** કોઇપણ ટેન્ડર મંજુર કરવું કે નામંજુર કરવું તેઅંગેનો ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રીનો હકક અબાધિત રહેશે.

**(૨૪)** ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે.

**(૨૫)** ટેન્ડર ભરનાર પાર્ટીને ઉપરોકત તમામ શરતો કબુલ-મંજૂર તથા બંધનકર્તા છે તે અંગેની તેઓએ અહી નીચે બાહેંધરી આપવાની રહેશે.તેમજ તે અંગેના કરારખત પર મંજૂર થયેલ ટેન્ડરરે સહી કરવાની રહેશે.

આથી, હું નીચે સહી કરનાર ........................................................................ આ લખાણથી બાહેંધરી આપું છું કે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. ધ્વારા બહાર પાડવામાં આવેલ ઉપરોકત ટેન્ડરના ભાવો મે જાતે ભરેલ છે અને તે અંગેની તમામ શરતો મે વાંચી છે, સમજી છે અને મને કબુલ-મંજૂર તથા બંધનકર્તા છે તથા અમોને સરકારશ્રી કે અન્ય સરકારી સંસ્થાએ કાળી યાદીમાં મૂકેલ નથી તેની ખાત્રી આપું છું.

ટેન્ડરની સહી ...................................................

ટેન્ડરનું નામ ...................................................

ફર્મનું નામ ......................................................

ટેન્ડર ભરનાર પાર્ટીના ફર્મનો સિકકો પુરેપુરું સરનામું..................................

ટેલીફોન નંબર ................................

(મોબાઇલ).......................................

સ્થળ: ગાંધીનગર.

તા.       /     /૨૦૧૦

# વાહન ભાડે રાખવા બાબતનો કરાર ખત

ગુજરાત આર્થિક વિકાસ નિગમ લી. કે જેનો હવે પછી અહિં નીચે એક તરફવાળા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે તેઓની યોજનાકીય પ્રવૃત્તિના ભાગરુપે તેઓના અધિકારીસ્ટાફની મુસાફરી તથા પ્રવાસના હેતુસર કાર ભાડે રાખવા માંગે છે. વાહન માલિક/ટ્રાવેલ્સ-એજન્ટ કે જેનો હવે પછી અહિં નીચે બીજી તરફવાળા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. તેઓ પોતાનું વાહન ભાડે આપવા માંગે છે આ કરારખતમાં એક તરફવાળા અને બીજી તરફવાળાનો ઉલ્લેખ નીચે મુજબ કરવમાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | કાર્યવાહક નિયામક<br>ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી.<br>બ્લોક નં. ૮, ૮મો માળ,<br>ઉધોગ ભવન, ગાંધીનગર | **એક તરફવાળા** |
| ૨. | **શ્રી.....................................................................**<br>**.........................................................................** | **બીજી તરફવાળા**<br>**.........................................................................** |

એક તરફવાળા કે જેઓ કરારના ધોરણે વાહન ભાડે લેવા માંગે છે. તેમજ બીજી તરફવાળા કે જઓ પોતાનું વાહન એકતરફવાળાને ભાડે આપવા સંમત થયા છે તદાનુસાર એક તરફવાળા બીજી તરફવાળનું વાહન નીચેની શરતો, બોલીઓને આધીન ભાડેથી રાખશે. જે શરતો અને બોલીઓ બીજી તરફવાળાને માન્ય છે અને સ્વીકાર્ય છે. બદલ આ કરારમાં તેઓએ સહી કરેલ છે.

૧. બીજી તરફવાળાએ એક તરફવાળાને ટાટા ઇન્ડીકા વાહન ૧૨ માસ માટે એટલે કે તા. / /૨૦૧૦ થી તા. / /૨૦૧૦ સુધી પુરું પાડવાનું રહેશેજેના ભાડા પેટે એક તરફવાળા બીજી તરફવાળાને માસિક ન્યુનતમ ૨૫૦૦ કિ.મી.ના જે વાહન ઉપયોગમાં લેવાય તે વાહન પેટે (૧) ટાટા ઇન્ડીકા એ.સી. **રૂા. ................./-** અને ટાટા ઇન્ડીકા નોન એ.સી. **રૂા. ................/-** ચૂકવાશે જેમાં મરામત, ઘસારો, બળતણ, રીપેર, તેમજ ડ્રાઇવરના વેતન, ભોજન અને રહેઠાણના ખર્ચનો પણ સમાવેશ ગણવાનો રહેશે.

૨. બીજી તરફવાળાએ એક તરફવાળાને સદર વાહન રોજીદી મુસાફરી માટે પુરું પાડવાનું રહેશે

૩. વાહન ડ્રાઇવરની સેવા સાથે પુરું પાડવાનું રહેશે

૪. ડ્રાયવરનું સબંધિત પોલીસ સ્ટેશનની કોઇ ગુનાહીત પ્રવૃત્તિમાંસંડોવાયેલ ન હોવાનું પ્રમાણપત્ર પુરુ પાડવાનું રહેશે

૫. ડ્રાયવરનું પાકું લાઇસન્સ વાહનનો કોમ્પ્રીહેન્સીવ વીમો ઉતરાવ્યાની નકલ રજૂ કરવાની રહેશે.

૬. વાહનના ડ્રાઇવરે સંસ્થાના નીતિ/નિયમ મુજબ અને સંસ્થાના સબંધિત અધિકારીશ્રિની સૂચનાનુસાર કામ કરવાનુ રહેશે

૭. એક તરફવાળા માસિક મુસાફરી ૨૫૦૦ કિ.મી. સુધી કરી શકશે માસિક ૨૫૦૦ કિ.મી. સુધી કોઇ વધારાનું ભાડું માંગી શકાશે નહી પરંતુ જો માસિક ૨૫૦૦ કિ.મી. થી વધુ મુસાફરી કોઇ સંજોગોમાં થાય તો તેનાં વધારાનાં પ્રતિ કિમી. એ.સી____________ગાડીના રૂ. ........... અને નોન એ.સી.

__________ ગાડીના રૂ. .............. લેખે ચાર્જ એક તરફવાળાએ ચૂકવવાનો રહેશે

૮. બીજી તરફવાળા એક તરફવાળાને ૨૪ કલાક વાહન સેવા આપવા બંધાયેલા રહેશે. જેમાં જાહેર રજાઓનો પણ સમાવેશ થાય છે. બીજી તરફવાળાએ ગાડી સારી કંડીશનમાં રાખી સેવાઓ પુરી પાડવાની રહેશે.

૯. વેર એન્ડ ટેર, પેટ્રોલ/ડીઝલ, ઓઇલ, રીપેરીંગ, ટાયર, ટયુબ વગેરે માટેનો ખર્ચ બીજી તરફવાળાએ ભોગવવાનો રહેશે.

૧૦. કોઇ પણ સંજોગોમાં બીજી તરફવાળા પોતાનું વાહન રીપેરીંગ અથવા કોઇ અન્ય કારણસર પુરું પાડી શકે તેમ ન હોય તો અન્ય વૈકલ્પિક વ્યવસ્થા તેમણે પુરી પાડવાની રહેશે અને આ અંગેનો ખર્ચ તેમણે ભોગવવાનો રહેશે. તે માટે કોઇ જુદો કલેઇમ થઇ શકશે નહીં. જો કોઇ પણ સંજોગોમાં વૈકલ્પિક વ્યવસ્થા પુરી ન પાડી શકે તો તે દિવસે થયેલ ખર્ચ ઉપરોકત નકકી થયેલ રકમમાંથી કાપી લેવામાં આવશે

૧૧. આ કારમાં પીવાનાં પાણી માટેનો જગ, ગ્લાસ તેમજ ઉપર સામાન મૂકવા માટે કેરિયર વગેરેની વ્યવસ્થા બીજી તરફવાળાએ કરવાની રહેશે.

૧૨. ગુજરાત રાજય અથવા ગુજરાત રાજયની બહારના તમામ પ્રવાસના વાહનને લાગુ પડતાં રોડ ટેકસ, એન્ટ્રી ટેકસ, ટોલ ટેકસ વગેરે સર્વિસ ટેકસ સિવાયના તમામ ટેકસ ભરવા અંગેની તમામ જવાબદારી બીજી તરફવાળાની રહેશે. પરંતુ આ અંગેનો ખર્ચ બીલ સાથે ટેકસની રશીદો બીડી જે તે માસના બીલમાં તે કલેઇમ કરી શકાશે.

૧૩. વાહનની સીટો, પડદા વગેરે સારા સ્વચ્છ હાલતમાં રાખવાનાં રહેશે

૧૪. દૈનિક કિ.મી.ની વિગત લોગબુકમાં બીજા દિવસે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. જણાવે તે અધિકારી/કર્મચારીને રજૂ કરી તે અધિકારી/કર્મચારીની દૈનિક સહી કરાવવાની રહેશે.

૧૫. દૈનિક કિ.મી.ની ગણતરી માટેનું સ્થળ ઉધોગ ભવન, ગાંધીનગર રહેશે

૧૬. એક તરફવાળા આ કરારનો બીજી તરફવાળાનો અગાઉથી જાણ કર્યા વગર તેમજ બીજી તરફવાળાની સંમતિ મેળવ્યા વગર ગમે ત્યારે ગમે તે સમયે અંત લાવી શકશે નહીં.

૧૭. વધુમાં ટેન્ડરની શરત મુજબ બીજી તરફવાળાએ નીચે મુજબના ભાવથી વાહન પુરું પાડવાનું રહેશે (તા.    /    /૨૦૧૦ થી તા.    /    /૨૦૧૦ સુધી)

| ક્રમ | વિગત | ઇનોવા | | ટોયેટા કવાલીસ | | ટાટા ઇન્ડીકા | | ટાટા સુમો | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એ.સી. | નોન એ.સી. | એ.સી. | નોન એ.સી. | એ.સી. | નોન એ.સી. | એ.સી. | નોન એ.સી. |
| ૧ | ૧ મહિનાના ઓછામાં ઓછા ૨૫૦૦ કિ.મી. | | | | | | | | |
| ૨ | વધારાના કિ.મી. ભાવ | | | | | | | | |
| ૩ | અમદાવાદ, ગાંધીનગર માટે ૪-૦૦ કલાક સુધી ૧૦૦ કિ.મી. | | | | | | | | |
| | ૮-૦૦ કલાક સુધી ૧૫૦ કિ.મી. | | | | | | | | |
| | ૧૨-૦૦ કલાક સુધી ૨૦૦ કિ.મી. | | | | | | | | |
| ૪ | ૧ દિવસ (૨૪ કલાક) ના ઓછામાં ઓછા ૨૫૦ કિ.મી.નો ભાવ | | | | | | | | |

આ કરારની ઉપરોકત તમામ શરતો અને બોલીઓ તેમજ નિયત થયેલ ભાવો અમો બીજી તરફવાળાને મંજુર છે જે બદલ અમો બીજી તરફવાળાએ અહી નીચે સહી કરેલ છે.

સહી-
પુરુ નામ-
એજન્સીનું નામ-
સરનામું-

(ઓફીસનો સિકકો)

તારીખ: / /૨૦૧૦
સ્થળ : ગાંધીનગર.
સાક્ષીની સહી : (૧) નામ-
સરનામું.........................................................................
.........................................................................

(૨) નામ-
સરનામું.........................................................................
.........................................................................